સાદર પ્રણામ, રામ કબીર, જય શ્રી કૃષ્ણ

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે એરીઝોના ભક્ત પરિવાર સૌ પ્રથમવાર પોતાનો ન્યુઝ લેટર બહાર પાડી રહી છે.

એરીઝોના ભક્ત પરિવારે પોતાની વેબ સાઈટ **(azbhakta.com)** પણ લોન્ચ કરી દીધી છે. આ માટે ધર્મેશભાઈ વલ્લભભાઈ ભક્ત **(Heber, AZ)** નો એરીઝોના ભક્ત પરિવાર અંતઃકરણ પૂર્વક આભાર માને છે.વેબ સાઈટ બનાવવાનો મુખ્ય આશય આપણો પરિવાર એકબીજાના સંપર્કમાં રહે ત્થા એકબીજાના સુખ–દુઃખમાં ભાગીદાર બની રહે. આપણી વેબ સાઈટમાં ઘણાં બધા સુધારાને અવકાશ છે. આ માટે અમારા પ્રયત્નો ચાલુ છે. આ સાથે આપના સહકારની પણ જરુર છે. આ અર્થે આપના વિચારો મંતવ્યો ખૂબ જ આવકાર્ય છે.

આ પત્રિકામાં વિવિધ પ્રસંગોની મારી જાણ ત્થા સમજ પ્રમાણે માહિતિ રજુ કરી છે. આપ સૌ ખાસ નોંધ લેશો કે આ પ્રથમ ન્યુઝ લેટર બધાને જ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. હ્વે પછીના ન્યુઝ લેટર આપ આપણી વેબ સાઈટ **azbhakta.com** પર વાંચી શકશો.જો આપશ્રીને આ ન્યુઝ લેટર પોસ્ટ દ્વારા જોઈતો હોય તો બળદેવ ભક્તનો સંપર્ક કરવો.આપ સૌ જાણો છે તે પ્રમાણે આપણા એરીઝોના ભક્ત પરિવાર પાસે એટલું બધુ નાણાંકીય ભંડોળ નથી કે આપણે બધાને જ આ ન્યુઝ લેટર પોસ્ટ દ્વારા મોકલી શકીએ.આપના આર્થિક સહકાર ત્થા પ્રેરણાદાયક બળની અમને ખૂબ જ જરુર છે. અમો આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

એરીઝોના ભક્ત પરિવાર વતી
બળદેવ ભક્તના રામકબીર

# જલ્દી સાજા થઈ જાવ (GET WELL SOON)

- જેલીબેન મોહનભાઈ ભક્ત **(Wilcox)** તે નટુ ભાઈ મોહનભાઈ ભક્તના માતુશ્રી
  **Jeliben Mohanbhai Bhakta (Natubhai Mohanbhai Bhakta's Mother)**

## ખીલેલા પુષ્પો

## BIRTH OF NEW FLOWERS

- મલીની જીગરભાઈ પ્રવીણભાઈ ભક્ત (Gilbert) ને ત્યાં પુત્રી " જીઆ" નો જન્મ
  **To Malini Jigarbhai Bhakta (Gilbet) Daughter " GIA"**

## ॥ મધર્સ ડે પીકનીક ॥

મે ૧૩ ના રોજ ભક્ત પરિવાર તરફથી **Peoria** માં મધર્સ ડે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું. લગભગ ૧૫૦ સભ્યોએ પીકનીકમાં હાજરી આપી પીકનીકની મજા માણી.આ પરિવારની સફળતાનો યશ બધા જ પરિવારને જાય છે. કારણ કે આપ સૌએ હાજરી આપી આપણા પરિવારની શોભા વધારી. કેટલાક પરિવારે ખૂબ જ મહેનત કરી પીકનીકનું સુંદર આયોજન કર્યુ. આવી જ રીતે ભવિષ્યમાં પણ આવા સહકારથી આપણે આવનારા પ્રસંગો સારી રીતે ઉજવી શકીએ.

આ પીકનીકમાં સુરજ જયવંત ભક્તે સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી. બળદેવ ભક્તે આપણા પરિવારની વેબ સાઈટ, આવનારા પ્રસંગોની ચર્ચા, એરીઝોના ભક્ત પરિવાર ડીરેક્ટરી, આર્થિક સહકારની અપેક્ષા ત્થા ન્યુઝ લેટર વિષેની ચર્ચા કરી. આ પીકનીક દરમ્યાન ભક્ત પરિવાર તરફથી દાન મળ્યા છે. જેની નોંધ આ પત્રિકામાં આપવામાં આવી છે. મધર્સ ડે પીકનીકની

એક આછી  ઝલક ભાવિકા કુશ ભક્તના સૌજન્યથી વેબ સાઈટ ઉપર આપ જોઈ શકો છો.

## ॥  સંતન કે સંગ લાગ રે.... ॥

જીવનમાં સંતોનો સંગ, સતસંગ, સંત સમાગામ ભાગ્યશાળીને જ મળે છે.રજનીકાન્ત ભુપેન્દ્રભાઈ ભક્ત Lake Havasu City ને ત્યાં મે૨૪ ના રોજ " મા સર્વેશ્વરી " ની પધરામણી થઈ. લગભગ ૭૦ ભક્તજનોએ સતસંગનો લાભ લઈ ધન્યતા અનુભવી.

## ॥ કબીર જયંતિ ॥

ભક્ત પરિવાર કબીર સાહેબની પૂજા/અર્ચના કરે છે. એરીઝોના ભક્ત પરિવારે સૌ પ્રથમવાર રમેશભાઈ પરસોત્તમભાઈ ભક્ત પરિવાર (વાવ)ના સૌજન્યથી જુન ૭ ના રોજ હિન્દુ ટેમ્પલમાં કબીર જયંતિનો પ્રસંગ ઉજવ્યો.લગભગ ૧૫૦  ભક્તોજનોએ ભાગ લઈ ઉત્સાહભેર પ્રસંગની ઉજવણી કરી. એરીઝોના ભક્ત પરિવાર રમેશભાઈ પરસોત્તમભાઈ ભક્ત પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

## ॥ એરીઝોના ભક્ત ડીરેક્ટરી ॥

એરીઝોના ભક્ત પરિવારની ડીરેક્ટરી ૨૦૧૩ આવૃતિ ૩ આ વર્ષના અંતમાં બહાર પાડનાર છીએ. ડીરેકટરીની બધી જ માહિતિ લગભગ એકત્ર કરી દીધી છે. હજુ પણ કેટલાક પરિવારની માહિતિ અપુરતી છે. ડીરેકટરી આપણી વેબ સાઈટ ઉપર પણ મુકવામાં આવી છે. દરેક પરિવારે પોતાની માહિતિ વેબ સાઈટ ઉપર તપાસી લેવી. જો કોઈપણ જાતનો ફેરફાર હોઈ તો બળદેવ ભક્તનો સંપૅક કરવો. ઓકટોબર ૩૧, ૨૦૧૨ ડીરેક્ટરીમાં

ફેરફારની આખરી તારીખ રહેશે. ત્યાર પછી આવનાર માહિતિ કે ફેરફારની જવાબદારી અમો લઈ શકીએ એમ નથી.આપ સૌ જાણો છો તે પ્રમાણે આપના આર્થિક સહકાર વિના આ ડીરેક્ટરી પ્રોજક્ટ શક્ય નથી
જેથી અમોએ ડીરેક્ટરી સ્પોન્સર માટે

| | | |
|---|---|---|
| બીજુ પેઈજ | ડોલર ૨૦૦ | |
| છેલ્લેથી બીજુંપેઈજ | ડોલર ૨૦૦ | Reserved |
| છેલ્લુંપેઈજ | ડોલર ૨૫૦ | Reserved |
| વચ્ચેના પૈઈજ | ડોલર ૧૦૦ | |

ની કિમંત રાખી છે. જો કોઈ પરિવારે સ્પોન્સર કરવું હોય તો બળદેવ ભક્તનો 928-916-7071 ઉપર સંર્પક કરવો.

ખાસ નોંધ : વેબ સાઈટ ડીરેક્ટરી માં જો કોઈ પરિવાર રહી જતું હોય તો આપ જરુરથી અમારો સંર્પક કરશો.

## ॥ હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી.... ॥

આ વર્ષે જનમાષ્ટમીનો ઉત્સ્વ એક્તા મંદિરમાં ઓગષ્ટ ૧૦ શુક્રવારના રોજ ઉજવનાર છીએ તો દરેક ભક્તોજનોને આ ઉત્સ્વમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. કાર્યક્રમની રુપરેખા આપ આપણી વેબ સાઈટ ઉપર ટુંક સમયમાં જોઈ શકશો.

## ॥ અન્ય સમાચાર ॥

નવેમ્બર માસમાં આપણે એટલે કે એરીઝોના ભક્ત પરિવાર દીવાળી પર્વ ઉજવનાર છીએ. વધુ માહિતિ આપણને પર્વની તારીખ નક્કી થશે એટલે જણાવીશું. દીવાળી પર્વની ઉજવણી આપ સૌના આર્થિક સહકાર–સહાય વગર

શક્ય નથી, જે કોઈ આ પ્રસંગે કોઈ પણ જાતની મદદ કરવા ઈચ્છતા હોય કે આપના વિચાર/અભિપ્રાયો અમને જણાવશો.

હવે પછીની પત્રિકા દીવાળી અંક ઓક્ટોબર માસ દરમ્યાન નીકળશે. આપની પાસે કોઈ સારા લેખો હોય તો અમને જણાવશો જે આપણે આપણી પત્રિકાના માધ્યમ દ્વારા સમાજને પીરસીશુ.

## ॥ દાન ગંગા ॥ **(DONATION)**

- દિલિપભાઈ નાથુભાઈ ભક્ત — ડોલર ૨૦૦
  **Dilipbhai Nathubhai Bhakta (Sadona) $ 200**
- મધુભાઈ દયારામભાઈ ભક્ત — ડોલર ૧૦૧
  **Madhubhai Dayarambhai Bhakta (Mesa) $ 101**
- કેતનભાઈ ઈશ્વરભાઈ ભક્ત — ડોલર ૧૦૧
  **Ketanbhai Ishvarbhai Bhakta (Prescott Valley) $ 101**
- ચંદ્રવદન તુલસીભાઈ ભક્ત — ડોલર ૧૦૧
  **Chandravadan Tulsibhai Bhakta (Gilbert) $ 101**
- ભરતભાઈ ગોકળભાઈ ભક્ત — ડોલર ૧૦૧
  **Bharatbhai Gokalbhai Bhakta (Buckeye) $ 101**
- વિનુભાઈ માધવભાઈ ભક્ત — ડોલર ૧૦૧
  **Vinubhai Madhavbhai Bhakta (Gilbert) $ 101**
- ત્રિલોચનભાઈ કાળીદાસ પટેલ — ડોલર ૧૦૧
  **Trilochanbhai Kalidas Patel (Gilbert) $ 101**
- દિનેશભાઈ મકનભાઈ ભક્ત — ડોલર ૫૧
  **Dineshbhai Makanbhai Bhakta (Glendale) $ 51**
- રવિન્દ્રભાઈ ધીરજભાઈ ભક્ત — ડોલર ૨૫
  **Ravindrabhai Dhirajbhai Bhakta (Buckeye)$ 25**
- ભુપેન્દ્રભાઈ સતીષભાઈ ભક્ત — ડોલર ૨૫
  **Bhupendrabhai Satishbhai Bhakta (Tempe)$ 25**

- પ્રકાશભાઈ નાથુભાઈ ભક્ત ડોલર ૨૫
  **Prakashbhai Nathubhai Bhakta (Gilbert) $ 25**
- મધુસુદન ગોકળભાઈ ભક્ત ડોલર ૧૦૧
  **Madhusudan Gokalbhai Bhakta (Peoria) $ 101**
- મહેન્દ્રભાઈ ગોપાળભાઈ ભક્ત ડોલર ૧૦૧
  **Mahendrabhai Gopalbhai Bhakta (Mesa) $ 101**
- વિજયભાઈ ધીરજભાઈ ભક્ત ડોલર ૨૫
  **Vijabhai Dhirajbhai Bhakta (Gilbert) $ 25**
- પ્રવીણભાઈ લલ્લુભાઈ ભક્ત ડોલર ૧૦૧
  **Pravinbhai Lallubhai Bhakta (Gilbert) $ 101**
- નટુભાઈ મોહનભાઈ ભક્ત ડોલર ૧૦૧
  **Natubhai Mohanbhai Bhakta (Gilabend) $ 101**
- ધર્મેશભાઈ વલ્લભભાઈ ભક્ત ડોલર ૧૦૦
  **Dharmeshbhai Vallabhbhai Bakta (Heber) $ 100**
- જયેશભાઈ ગુણવંતભાઈ ભક્ત ડોલર ૧૦૦
  **Jayeshbhai Gunvantbhai Bhakta (St. Johns)$ 100**
- બળદેવભાઈ ગોવિન્દભાઈ ભક્ત ડોલર ૧૦૧
  **Baldevbhai Govondji Bhakta (Parker) $ 101**

## ॥ જીંદગી ॥

આપણું ધાર્યું થાય એનું નામ જીંદગી નથી.જીંદગીમાં ઘણું અણધાર્યું બનતું હોય છે. જ્યારે ચલિત કરી દે એવા સંજોગો આવે ત્યારે માણસે ધીરજથી એનો સામનો કરવાનો હોય છે. પડકારો ખરેખર તો માણસને તેના માણસપણાની ખાતરી કરાવવા જ આવતા હોય છે.

સંજોગો ગમે એવા આવે,ક્યારેક નાસીપાસ ન થવું.ખરેખર તો તેનો ખૂબ જ પ્રેમથી સ્વીકાર  કરવો. તમારા જીવનમાં જ ચોક્કસ પ્રકારના સંજોગો

આવ્યા એનો અર્થ જ એ છે કે આ સંજોગો તમને કશુંક આપવા આવે છે.જીંદગીની પ્રત્યેક ક્ષણ મનુષ્યને કશુંક આપીને જ જતી હોય છે. આપણે એનો સ્વીકાર કરવાનો હોય છે. સંજોગો સામે હારી જાય છે તે ક્યારેક મનુષ્ય ન હોય શકે.

## ॥ તુલસીપત્ર ॥

ઘણી વખત કોઈ વ્યક્તિ એવું બોલતી  હોય છે કે " મારો સમય નબળો છે." સમય કેવી રીતે નબળો હોય શકે. સમય તો સતત વહેતો એક કાળખંડ છે. હા, વ્યક્તિના પોતાના સંજોગો નબળા હોઈ શકે.

*********

## (English section edited by Love Bhakta)

Ramkabir,

We are happy to issue the inaugural newsletter of the Arizona Bhakta Parivar.

AZ Bhakta Parivar recently launched its own web site: www.azbhakta.com – webmaster Dharmeshbhai V. Bhakta (Heber). The web site was created for the community of Bhakta families residing in Arizona. It is a place where onlookers can go to see what is happening within our community. This web site, in essence, will spread the word within our community of particular events, festivals and gatherings that we may have throughout the year. The web site is still in its early stages of development, so please bear with us. More information and content will be added later. Please do not hesitate to contact us with suggestions on how to make the web site better. Your feedback is most welcome.

In this Patrika, I am giving you the information that is per my knowledge: This first newsletter has been sent by mail to every family within our community. Future newsletters will be available online at www.azbhakta.com. If you need future newsletters in print context, please let us know. We can send it to you by mail – (Baldev Bhakta)

**Mother's Day Picnic**

Mother's Day Picnic was celebrated in Peoria on May 13. About 150 people came out and attended the event put on by the AZ Bhakta Parivar. Suraj Bhakta thanked all individuals that helped make the event successful and possible. Baldev Bhakta talked about the web site, directory, financial funds, and future events.

**Santan Ke Sang**

"Ma Sarweshvari" came to Rajnikant Bhupendrabhai Bhakta (Lake Havasu City) on May 24. About 70 people attended this stasang.

**Kabir Jayanti**

On June 7, Kabir Jayanti was celebrated for by AZ Bhakta Parivar for the first time. The sponsor for this event was Rameshbhai Parsottambhai Bhakta (Vav). AZ Bhakta Parivar would like to give a special thanks to Rameshbhai & Family for their efforts.

**Arizona Bhakta Directory**

AZ Bhakta Directory 2013 (Issue No. 3) will be published at the end of this year. We are currently collecting contact information pertaining to families whom reside in Arizona. We are still missing some contact information from some families.

Currently, we have the draft version of the directory available on our web site. Please take a look your contact information to make sure it is correct. If any

corrections need to be made, please let us know immediately. The final deadline for the directory is Oct 31, 2012. After that, we are not responsible for any corrections made to the print edition. As you know, we currently do not have enough funds for the print directory. Any individual/group that would like to sponsor page in this directory, the rates are listed below:

| | | |
|---|---|---|
| Second Page | $200/- | |
| Second last Page | $200/- | (Reserved) |
| Last Page | $250/- | (Reserved) |
| Middle Page | $100/- | |

- This year's Janmastmi will be celebrated at Ekta Mandir on Friday, August 10. You can see the program on our website in the near future.
- In November AZ Bhakta Parivar will celebrate the Diwali Festival. Dates are yet to be determined. When the dates are fixed, we will inform you. If anyone is interested in sponsoring this festival, please contact us.
- Photos from the annual Mother's Day Picnic are also available for view on the web site. (Photos courtesy of Kush and Bhavika Bhakta)
- Our next Patrika will launch in October 2012. If you have some information regarding our samaj, please inform us.

Thank You

******